# GUJARATI

---

***Maximum Marks: 80***

***Time Allowed: Three hours***

*(Candidates are allowed **additional 15 minutes** for **only** reading the paper.*

*They must **NOT** start writing during this time).*

---

*Answer **Questions 1, 2 and 3 in Section A** and **four** questions from **Section B** on **any three** out of the four prescribed textbooks.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

## SECTION A

## LANGUAGE - 40 MARKS

**Question 1** **[15]**

**Write a composition in approximately 400 words in Gujarati on any *one* of the topics given below.**

**નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર ગુજરાતીમાં આશરે 400 શબ્દોમાં નિબંધ લખો:**

(i) ‘ કુદરતની લાઠીનો અવાજ નથી હોતો ’

કોઈ એક કુદરતી આફત ,તેના કારણો અને નિવારણ શું હોઈ શકે? એ દરમ્યાન માનવ કર્તવ્ય નિભાવતા તમે કઈ રીતે મદદરૂપ થશો તેનો ઉલ્લેખ  કરતો નિબંધ લખો .

(ii) મારા જીવનનો યાદગાર દિન .

કોઈ એક આનંદનો અને દુઃખદ પ્રસંગ લખી એ પરિસ્થિતિમાં મેળવેલ આનંદ અને વેદનાનો સામનો કઈ રીતે કર્યો તેનો ચિતાર આપો .

(iii) ‘ટેક્નોલૉજીએ માનવને ગુલામ બનાવ્યો છે.’ આ કથનની વિરૂદ્ધ કે તરફેણમાં તમારું મંતવ્ય રજૂ કરો.

---

(iv) જો હું દુનિયાની સૌથી વૈભવશાળી વ્યક્તિ હોઉં તો .....

વૈભવશાળી હોવાની તમારી વ્યાખ્યા - તમે પુરુષાર્થ કે પ્રારબ્ધને આધારે જીવવું પસંદ કરશો, શા માટે ? તેનું વિવરણ કરો .

(v) ફાસ્ટ ફૂડની લોકપ્રિયતા આજની પેઢીને આનંદ અને અનુકૂળતા પૂરી પાડે છે, તે થકી બદલાતા જીવનની આરોગ્ય પર અસર વિષે બે ઉદાહરણો આપી તમારું મંતવ્ય રજૂ કરો .

(vi) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર મૌલિક વાર્તા કે પ્રસંગ લખો .

(a) એક જૂઠું છુપાવવા અનેકવાર જૂઠું બોલવું પડે .... એ વિધાન પર આધારિત એક વાર્તા કે બનાવ લખો .

(b) મારું એક સ્વપ્ન .

**Question 2**

**Read the passage given below carefully and answer the questions that follow, using your own words in Gujarati:**

**નીચે પેલ પરિચ્છેદને ધ્યાનથી વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો .**

તાંજોરના મહારાજા મરણ પથારીએ હતા . ખાઈ શકતા નહોતા ,પી શકતા નહોતા , વ્યગ્રતામાં તરફડાટ મારતા હતા . સગાવહાલાઓ અને રાજાના માણસો શોકમાં ગરકાવ હતા . ડૉક્ટરો , વૈદો અને હકીમોએ હાથ ધોઈ નાખ્યા હતા . એવામાં દરવાજે એક અવધૂત આવ્યા . તેમણે બધી વાત સાંભળી . દરવાનને તેમણે કહ્યું , ‘ મને રાજા પાસે લઈ જાઓ, તેમનો ઉપચાર કરવાનો પ્રયત્ન હું કરી શકું .’

અવધૂતને રાજા પાસે લઈ જવામાં આવ્યા . રાજાનો તરફડાટ જોઈ અવધૂત સમજી ગયા કે આ કોઈ વ્યાધિ નથી પણ કોઈ બૂરા કર્મનું ફળ છે. એ અવધૂત બીજા કોઈ નહીં સંત રાઘવૈયા હતા . રાજમાતાએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને અવધૂતને વિનંતી કરી કે ‘ પ્રભુ !! મારા પૂત્રને બચાવો . ‘

અવધૂતે કહ્યું માણસ પહેલા મન ફાવે તેવા મૂરખ જેવા કામ કરે છે અને પછી તેનું પરિણામ ભોગવવાનું આવે ત્યારે મદદ માટે દોડે છે . !’ પછી દયા લાવી કહ્યું કે રાજાના શયનખંડમાં છાપરાના ઢળતા ખૂણામાં તાજું જ કરેલું પ્લાસ્ટર છે . એ પ્લાસ્ટર તરત જ તોડાવી નાખો .

રાજાના શયનખંડના ખૂણામાં બખોલ જેવી જગ્યામાં તાજું જ કરેલું પ્લાસ્ટર જણાયું ,તે તોડી નાખ્યું તો અંદર ભૂખ્યું-તરસ્યું તરફડિયાં મારતું પારેવું જોવા મળ્યું.એને બહાર કાઢી ટીપે-ટીપે પાણી પીવડાવવા માંડ્યુ ,જેમ જેમ પારેવું અન્ન અને જળ લેતું થયુ તેમ તેમ રાજાનું સ્વાસ્થ્ય સુધારવા માંડ્યુ .રાજા અન્ન – જળ લેતા થયા. તરફડાટ શમવા માંડ્યો.

અવધૂત રાધવૈયાએ ખુલાસો કર્યો, " આ પારેવાએ અહી બખોલમાં માળો કર્યો હતો .ત્યાં એ રહેતું હતું .રાજાને એ ગમ્યું ન હતું . તેનો અવાજ તેને કનડતો , તેની હગારથી મહેલની ફરસ બગડતી ને તે સાફ કરવી પડતી . આથી રાજાએ હુકમ કર્યો હતો કે પારેવું માળામાં બેઠું હોય ત્યારે જ બહારથી પ્લાસ્ટર કરી બખોલ બંધ કરી દેવી . એ પ્રમાણે પ્લાસ્ટર થયું ,પારેવું અન્ન-જળ વગર તરફડવા લાગ્યું . એની એ દશા કરનાર રાજાની પણ એવી જ દશા થઈ. પારેવું મુક્ત થયું કે રાજા પણ તંદુરસ્તી પામ્યા .

આ વિશ્વ એકલા મનુષ્ય માટે બન્યું નથી .બધા જીવ-જંતુ અને પ્રાણીઓને એની રીતે જીવવાનો એક સરખો અધિકાર છે . તે બધા પણ સૃષ્ટિનો ભાગ છે . તેમનું રક્ષણ કરો, તેમને જીવવા દો , તો જ તમે જીવી શકો .' જીવો અને જીવવા દો' તે જીવનમંત્ર છે .

" વિશાળે જગ વિસ્તારે; નથી એક જ માનવી ; પશુ છે ,પંખી છે પુષ્પો , વનોની છે વનસ્પતિ."

(ઉમાશંકર જોશી )

(i) તાંજોરના રાજાના માણસો શાથી શોકમાં હતા ? ત્રણ કારણો આપો . **[3]**

(ii) અવધૂત કોણ હતા ? તેમણે મહારાજની અસ્વસ્થ તબિયત બદલ શું જણાવ્યુ ? **[3]**

(iii) 'બૂરા કર્મનું ફળ' એટ્લે શું? આપણે કેવા કર્મ કરીએ તો તેનું ફળ સારું આવે ? **[3]**

(iv) 'માણસ મૂરખ જેવુ કામ કરે છે, પછી તેનું પરિણામ ભોગવવાનું આવે ત્યારે મદદ માટે દોડે છે.'

(a) વાક્યમાં કયો ભાવ વ્યક્ત થયો છે ? **[1]**

(1) અવિચારી પગલું ભરવાનો ભાવ

(2) માનવતાનો ભાવ

(3) મજબૂરીનો ભાવ

(4) મદદ લેવાનો ભાવ

(b) રાજા સાજા શાથી થયા ? **[1]**

(1) પક્ષી અન્ન જળ લેવા માંડ્યુ તેથી

(2) તે મુક્ત થયું તેથી

(3) પ્લાસ્ટર તોડી નાખ્યું તેથી

(4) તેને બહાર કાઢ્યું તેથી

(c) અવધૂતે રાજાના  શયનખંડના ખૂણે પ્લાસ્ટર તોડાવ્યુ .... **[1]**

(1) રાજાની  મૂર્ખાઈને કારણે

(2) પ્લાસ્ટર તાજું હતું તેથી ..

(3) પ્લાસ્ટર પાછળ પક્ષી ભૂખ્યું-તરસ્યું ને બચાવવા

(4) રાજાના કનડતા પક્ષીને જોવા

(v) "વિશાળે જગ વિસ્તારે નથી એકજ માનવી " દ્વારા...

(a) બીજા કયા જીવોને જીવવાની વાત અંહી થઈ છે ? **[1]**

(1) જીવ-જંતુ , પશુ-પક્ષી

(2) આકાશના ગ્રહો

(3) ડુંગર , વાદળ , ઈંદ્રધનુષ

(4) સૂર્ય , ચંદ્ર ,તારા વગેરે

(b) 'સૃષ્ટિ' શબ્દનો અર્થ શું થાય ? **[1]**

(1) ગગનચૂંબી મકાનો

(2) જગત

(3) કુદરત

(4) માનવી

(c) આ કંડિકામાં વ્યક્ત થતો <u>જીવન –મંત્ર</u> હું મારા જીવનમાં અપનાવીશ ... **[1]**

(1) પ્રકૃતિનું રક્ષણ કરો

(2) જીવો અને જીવવા દો

(3) સારા કર્મો કરો

(4) માનવ અધિકારો ભોગવો

**Question 3**

**Do as directed.**

**સૂચના અનુસાર કરો .**

નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખો :

(i) રજનું ગજ કરવું **[1]**

(ii) નીચે આપેલી કહેવતમાં યોગ્ય શબ્દનો ઉપયોગ કરી પૂર્ણ કરો . **[1]**

આગ લાગે ત્યારે ____________.

(iii) ખાલીજગ્યામાં યોગ્ય રૂઢિપ્રયોગ વાપરી વાક્ય પૂર્ણ કરો . **[1]**

રમેશે પરીક્ષામાં કોપી કરી તે જાણી પિતાજીએ ________________.

(a) ઢોર માર માર્યો

(b) મેથીપાક જમાડયો

(c) ખૂબ માર્યો

(d) કાઢી મૂકયો

(iv) કંકાસ થતો અટકાવવા સમજદાર માણસો ____________ કરતાં નથી. **[1]**

(a) માથાકૂટ

(b) કજિયા

(c) બોલાચાલી

(d) જીભાજોડી કરવી

(v) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો **[1]**

જેની આરપાર જોઈ શકાય તેવું ...

(a) પેલેપાર

(b) આરપાર

(c) અપારદર્શક

(d) પારદર્શક

(vi) પ્રજાને રંજાડનાર **[1]**

(a) આતંકવાદી

(b) ચોર

(c) લૂંટારો

(d) દાણચોર

(vii) નીચે આપેલ કહેવતનો ઉપયોગ કરી સાર્થક વાક્ય બનાવો . **[1]**

રાત થોડી ને વેશ ઝાઝા

(viii) નીચે આપેલા એક શબ્દ માટે શબ્દસમૂહ આપો . **[1]**

કાછિયો

(ix) નીચે આપેલા શબ્દ માટે યોગ્ય વિરોધી શબ્દ આપો . **[1]**

આપકર્મી

(a) સ્વકર્મી

(b) બાપકર્મી

(c) પરકર્મી

(d) જાતકર્મી

(x) ઉપકાર **[1]**

(a) દેકાર

(b) બેકાર

(c) સ્વરકાર

(d) અપકાર

## SECTION B

## LITERATURE - 40 MARKS

*Answer* ***four*** *questions from this section on* ***any three*** *out of the four prescribed textbooks.*

આ વિભાગમાંથી ચાર નિયત પાઠયપુસ્તકોમાંથી કોઈપણ ત્રણ પરના ચાર પ્રશ્નોના જવાબ આપો.

### ગદ્ય સંચય (GADYA SANCHAY)

**Question 4**

"સાધારણ રીતે મોટી ઉંમરના માણસો જોડે બેસવું કંટાળાજનક હોય છે. પણ નાનાભાઈની સોબત ક્યારેય કંટાળાજનક લાગતી નહી . એમની વાત કરવાની રીત ઘણી જ સરળ અને મીઠાશભરી હતી . એક ને એક વાત તેઓ લાંબો સમય કરતાં નહી ."

(i) વ્યક્તિને જીવનમાં કયો મોટો આધાત સહન કરવો પડે છે ? રમેશ અને નાનાભાઇ આ આધાતે શું કરતાં ? **[1]**

(ii) રમેશ પોતાની માતાની સ્મૃતિ જાળવી રાખવા કેવું મનોમંથન અનુભવે છે ? **[2]**

(iii) ઝવેરીબઇની પાછલી અવસ્થા કેવી હતી ? **[2]**

(iv) ઝવેરીબાઈના નામે રચાયેલા સ્મારકો ' પ્રેમના નહી , સ્પર્ધાના પ્રતીકો હતા 'તે આજના મા-બાપની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ લખો . **[5]**

**Question 5** **[10]**

અશ્વમેધ એટલે શું ? આ પ્રણાલી કઈ રીતે પૂરી થતી ? લેખકે વ્યક્ત કરેલ નાયકનાં મનોભાવનો પરિચય પરિચય આપી આધુનિક યુગની સ્ત્રીશક્તિનો ખ્યાલ રજૂ કરો .

**Question 6** **[10]**

'માનવની પ્રગતિમાં યંત્ર મદદરૂપ થાય છે, તેમ તેના દુઃખનું કારણ પણ છે.' તે છકડાના પાત્રનો પરિચય આપી તમે જોયેક કે સાંભળેલ બનાવ વર્ણવો .

## પદ્ય સંચય (PADHYA SANCHAY)

**Question 7**

"સૌંદર્ય વેડફી દેતાં , ના ના સુંદરતા મળે ;

સૌંદર્ય પામતા પહેલા સૌંદર્ય બનવું પડે .

નારી કદી ન નીંદિએ , નારી રત્નની ખાણ ;

નારીથી નર નીપજ્યા ; ધ્રુવ , પ્રહ્લાદ સમાન ."

(i) કુદરતની સુંદરતા અને માનવ રચિત સુંદરતાનું એક એક ઉદાહરણ આપો . **[1]**

(ii) વેડફવું એટલે શું ? સુંદરતા વેડફવાના બે દાખલા આપો . **[2]**

(iii) મનુષ્ય કુદરતી સુંદરતાનો ઉપભોગ કરે છે ,એમ શા ઉપરથી કહી શકાય ? **[2]**

(iv) નારીને રત્નની  ખાણ કહેવાના ત્રણ કારણો સમજાવતા એક સુવાક્ય કે કહેવત લખો. **[5]**

**Question 8** **[10]**

કવિ રમણિકલાલ સોનીની કવિતાનો મુખ્ય સૂર શું છે ? ' એટલામાં રાજી ' કાવ્યનો પ્રકાર લખી કવિના મનોગતને તમારા શબ્દોમાં લખો .તમારી ત્રણ ઇચ્છાઓ જણાવો .

**Question 9** **[10]**

કવિ ઉમાશંકર કઈ કઈ વસ્તુઓ સાથે લઈ જશે ની  વાત કરે છે ? 'ખુલ્લા બે ખાલી હાથે' દ્વારા જીવનનું સનાતન સત્ય પ્રકટ થયું છે તે વ્યક્ત કરો .

## આંધળી ગલી **(AANDHLI GALI)**

**Question 10**

“આ સમડી જેવી બાઈને પોતાની ગુપ્ત કથા સંભળાવી દેવી , જીંદગીમાં કોઇની સામે નહોતી કરી એવી કાકલૂદીઓ કરવી , પોતાની શરાફતના પૂરાવા આપવા એ બધુ હીણપત ભર્યું હતું. પણ શુભાંગી ખાતર એ બધુ કરવું પડશે .”

(i) રતિભાઈ એટલે કોણ ? રતિભાઈ કુંદનને કેવી રીતે સંબોધતા ? **[1]**

(ii) પ્રથમવાર પેઈંગ ગેસ્ટ તરીકે ભાડે રહેવાની વિનંતી કરતાં પરેશની કઈ વાત સાંભળીને કુંદનના ગાલ પર આંસુ ઉતરી આવ્યા ? **[2]**

(iii) કુંદન કઈ શરતો સાથે પરેશને મકાન ભાડે આપવાનું કહે છે ? પરેશ કુંદનને કેટલું ભાડું આપતો ? **[2]**

(iv) ‘સાહેબ, ખાનદાની તો અંતરની સુવાસ છે, એની મેળે મહેકી ઊઠે .’ અર્થ સમજાવી આ વિધાન કોણ , કોને અને શા માટે કહે છે ? તે જણાવો. **[5]**

**Question 11** **[10]**

સાંજે કામકાજ પરવારી શુભાંગી પરેશને ક્યાં જવાનું કહે છે ? પરેશ તેનો શું જવાબ આપે છે? બંનેએ શું ખાધું ? પાછા ફરતા એજંટના પાટિયા જોઈ શુભાંગી પરેશને શું કહે છે ?

**Question 12** **[10]**

આંધળી ગલીના સજીવ પાત્રોના નામ લખો . તે દરેક પાત્રો એક જ સમયખંડ ના પણ કાલાતિત, અને એક જ સ્થળના છતાં વૈશ્વિક કેમ લાગે છે ? તમારું મંતવ્ય જણાવો .

## ચિનુ મોદીના પ્રતિનિધિ એકાંકીઓ

## (CHINU MODINA PRATINIDHI EKANKIO)

**Question 13**

કોક : વિકોક , પિતાજીનું શું થયું હશે ?

વિકોક : અસુર થઈને સૂરને રીઝવવા ગયા છે .

કોક : તું મર્મમાં બોલે છે .

વિકોક : હું સાચું બોલું છુ , આપણે અસુરો ક્યાં ઓછા શક્તિવાન છીએ ? કે મહાદેવનું તપ આદરવાનું હોય ?

કોક : સુરલોક વિષે તું કશું જાણતો નથી . ઇન્દ્રને તું ઓળખતો નથી .

(i) વૃકાસુરના બંને પુત્રો શાથી ચિંતિત હતા ? વિકોક પિતા માટે કેમ નારાજ છે ? **[1]**

(ii) કોક ઇન્દ્રનો પરિચય આપતા વિકોકને શું શું સમજાવે છે ? **[2]**

(iii) શત્રુભક્તિ અહી કયા સંદર્ભે વપરાયું છે ? તેને કાયરતા કેમ કહી ? **[2]**

(iv) વૃકાસુરના શંકરને રીઝવવાના મંત્રોચાર સાંભળી , નારદ ઇન્દ્ર વચ્ચે થયેલ સંવાદનો મર્મ તમારા શબ્દોમાં લખો . **[5]**

**Question 14** **[10]**

રેવલી સાથે પશો કેવો વ્યવહાર કરતો ? રેવલીનો પતિ તેને છોડીને જવાનું કારણ જાણતા જ રેવલીએ વ્યક્ત કરેલ મનોગતને વાચા આપી તેનું સમર્થન કરો.

**Question 15** **[10]**

ફોટોગ્રાફર અને હસમુખરાયનો પ્રથમ પરિચય કઈ રીતે થયો ? આ એકાંકીમાં આવતી કોઈ એક ઘટના/બનાવ લખી તમારા જીવનની યાદગાર રમૂજ બનાવ ટૂંકમાં લખો .